**Enrollment No: ______________________ Exam Seat No:______________________**

# C. U. SHAH UNIVERSITY

## Summer Examination-2022

**Subject Name :** 'Apthit'

**Subject Code : 4AH06APT2** **Branch: B.A. (Gujarati)**

**Semester: 6** **Date: 07/05/2022** **Time: 02:30 To 05:30** **Marks: 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right Places.
(4) Assume suitable data if needed.

---

પ્રશ્ન -૧ નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો. (તમામ) **(14)**

**a)** માધ્યમો તજજ્ઞો કઈ સદીને 'માધ્યમોની શ્રેષ્ઠ સદી' તરીકે ઓળખાવે છે ?

(અ) ૨૦ મી (બ) ૨૧ મી (ક) ૧૯ મી (ડ) ૧૮ મી

**b)** 'ગોરા','અગ્નિગર્ભ','ગ્રામલક્ષ્મી' આવી સમાજભિમુખાતાની ....... કૃતિઓ છે.

(અ) મુખ્યતાવાળી

(બ) નિરૂપણવાળી

(ક) અભિવ્યકિતવાળી

(ડ) શેલીવાળી

**c)** સાહિત્ય અને પત્રકારત્વનું કાર્ય ......... છે ?

(અ) પ્રત્યાયનનું

(બ) માર્ગદર્શનનું

(ક) માર્ગદર્શકનું

(ડ) જ્ઞાનવર્ધનનું

**d)** સુરેશ જોશીની 'માનવીનાં મન' ........ નિબંધની કક્ષા જાળવતી કટાર છે.

(અ) મનોહર (બ) સુવાચ્ય (ક) સરસ (ડ) લલિત

**e)** 'સાહિત્યથી જીવન વિશેષ મુલ્યવાન બને છે.' એમ કોણ કહે છે ?

(અ) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

(બ) સુંદરમ્

(ક) ઉમાશંકર

(ડ) ન્હાનાલાલ

**f)** સમૂહ માધ્યમોનાં કેટલાં વિભાગો પાડવામાં આવ્યા છે ?

(અ) ચાર (બ) બે (ક) છ (ડ) આઠ

**g)** સોપ્રથમ આપણા દેશમાં ........ શિક્ષણનું પ્રમાણ વધારવાની જરૂર છે.

(અ) ઉચ્ચ (બ) માધ્યમિક (ક) પ્રાથમિક (ડ) વ્યાવસાયિક

**h)** દૈનિકો, સામયિકો, પાક્ષિકો, માસિકો, દ્વિમાસિકો, ત્રિમાસિકો, પુસ્તકોનો ક્યાં માધ્યમમાં સમાવેશ થાય છે ?

(અ) દ્રશ્ય (બ) શ્રવણ (ક) મુદ્રણ (ડ) લેખન

**i)** વર્ષા અડાલજાની 'ગાંઠ છૂટયાની વેળા' નવલકથા મૂળમાં ....... ઘટના રહેલી છે.

(અ) પ્રસિધ્ધ (બ) ભયાનક (ક) આકસ્મિક (ડ) સત્ય ઘટના

**j)** 'દેવદાસ ' નવલકથા લેખક કોણ છે ?

(અ) શરદબાબુ (બ) રવીન્દ્રનાથ (ક) સત્યેન્દ્રનાથ (ડ) જગદીશચંદ્ર

**k)** કવિ ડાહ્યાભાઈ પટેલે લખેલા 'મોહન ગાંધી' મહાકાવ્ય કેટલાં ગ્રંથો છે ?

(અ) ૯ (બ) ૧૦ (ક) ૧૧ (ડ) ૧૨

**l)** શ્રીકૃષ્ણ ભગવાન ....... નાં આશ્રમમાં ભણેલા.

(અ) સાંદીપનિનાં (બ) ઋષિના (ક) મુનિના (ડ) આચાર્યનાં

**m)** 'કાન્ત'નાં ........ હજી આપણને યાદ છે જ.

(અ) ઊર્મિકાવ્ય (બ) ખંડકાવ્ય (ક) સોનેટ (ડ) લોકગીતો

**n)** ભારતમાં ઈ.સ. ........ પછી દૂરદર્શનનો વ્યાપક ઉપયોગ થવાની શરૂઆત થઇ.

(અ) ઈ.સ. ૧૯૮૦

(બ) ઈ.સ. ૧૯૭૦

(ક) ઈ.સ. ૧૯૬૦

(ડ) ઈ.સ. ૧૯૫૦

નીચેના પ્રશ્ન નંબર ૨ થી ૮ માંથી કોઈપણ ચારના સવિસ્તાર જવાબો લખો.

પ્રશ્ન -૨ અ નીચેના ફકરાનું ગદ્ય વિવરણ કરો. (07)

"ધર્મને નામે જગતમાં જેટલાં યુદ્ધો, લડાઈઓ, ઝઘડાઓ થયાં છે, તેટલાં અન્ય કશાયે નામે થયાં નથી. ધર્મ એટલે શું, એ ભાગ્યે જ યથાર્થ અર્થમાં જગતને, જગતના સામાન્ય જનસમાજને સમજાયું હશે! ભાહ્નાચાર કાંઈ ધર્મ નથી, સાંપ્રદાયિકતા પણ ધર્મ નથી. સંગઠિત થઈને સરખો વેશ ધારણ કરવો કે સરખી ક્રિયા કરવી તે પણ ધર્મ નથી. ધર્મ, મનુષ્યને અગ્નિદાહ દેવામાં કે, કબ્રસ્તાનમાં દાટવામાં જ ચરિતાર્થ થતો નથી. બાહ્ય પરંપરા સાથે ધર્મને કોઈ સંબંધ નથી. ધર્મ કોઈનો ધિક્કાર કરવાનું કયારેય શીખવતો નથી. ખરો ધર્મ હૃદય-ધર્મ છે. માટે ધર્મ બહાર નથી, અંદર છે. ધર્મ એ અનુભવનો વિષય છે."

- દાદા
ધર્માધિકારી

બ કાવ્યનો આસ્વાદ કરો. (07)

ઓચિંતુ કોઇ મને રસ્તે મળે, ને ધીરેથી પૂછે કે કેમ છે...
આપણે તો કહીએ કે દરિયાશી મૌજમાં, ને ઉપરથી કુદરતની રહેમ છે...
ફાટેલા ખિસ્સા ની આડમાં મુકી છે અમે છલકાતી મલકાતી મૌજ...
એકલો હોઉ ઊભો ને તોય હોઉ મેળામાં, એવું લાગ્યા કરે છે મને રોજ..
તાળુ વસાય નહિ એવડી પટારીમા, આપણો ખજાનો હેમ ખેમ છે...
આપણે તો કહિયે કે દરીયાશી મૌજ મા, ને ઉપરથી કુદરતની રહેમ છે...
આંખોના પાણી તો આવે ને જાય... નહીં અંતરની ભીનાશ થાતી
ઓછી...
વધ-ઘટનો કાંઠો રાખે હિસાબ... નથી પરવશ સમંદર ને હોતી...
સૂરજ તો ઉગીને આથમિયે જાય... મારી ઉપર આકાશ એમ-નેમ છે...
આપણે તો કહિયેકે દરીયાશી મૌજ મા, ને ઉપરથી કુદરતની રહેમ છે...
–ધ્રુવ ભટ્ટ

પ્રશ્ન -3 સાહિત્ય અને જીવનમુલ્યોનો પરસ્પર સંબંધ જણાવો. (14)

પ્રશ્ન -૪ દ્રશ્ય, શ્રાવ્ય માધ્યમો અને તેના વિવિધ પ્રશ્નો વિશે વિગતવાર આલેખન કરો. (14)

| | | |
|---|---|---|
| પ્રશ્ન -૫ | સાહિત્યમાં પ્રચાર અને પ્રસારના માધ્યમો વિશે માહિતી આપો. | **(14)** |
| પ્રશ્ન -૬ | ગુજરાતી ડાયસ્પોરા સાહિત્યનું વર્ણન કરો. | **(14)** |
| પ્રશ્ન -૭ | સાહિત્ય અને સમૂહમાધ્યમો વિશે વિગતવાર વિચારણા કરો. | **(14)** |
| પ્રશ્ન -૮ | સાપ્રંત શિક્ષણ અને તેની વિગતે સમસ્યા સમજાવો . | **(14)** |